c/337
c/341



સને ૨૦૧૫-૧૬ ની ઓઇલ સ્પીલની
નવી બાબતની વહિવટી મંજૂરી
માંગણી નં. ૨૭, મુખ્ય સદરઃ ૨૨૧૫

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ-ઇએનવી/૧૦૨૦૧૫/૫૧/ઇ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૪/૦૫/૨૦૧૫.

આ મુ ખઃ

ગુજરાત રાજયને ૧૬૦૦ કી.મીનો લાંબો દરિયા કિનારો મળેલ છે. જેમાં બે અખાતો કચ્છનો અખાત અને ખંભાતનો અખાત આવેલા છે. આના કારણે આ દરિયા કિનારે બંદરો, પેટ્રોલીયમ રીફાઇનરી અને અન્ય ઔધોગિક ઇન્ડસ્ટ્રીઝનો વિકાસ થયેલ છે. દેશની કુલ જરૂરીયાત ગુજરાતના દરિયાકિનારે થી ઇમ્પોર્ટ થાય છે. આ અન્વયે એવરેજ વર્ષ ૫૦૦૦ શીપ ગુજરાતના બંદરોએ આવે છે. આ દરીયામાં શીપ ધ્વારા આયાત થતા ઓઇલ અંગે શીપની મુવમેન્ટ, તેલ કુવાનું ખોદકામ અને તેલના અવર જવર થી દરિયામાં ઓઇલ સ્પીલ થવાનું જોખમ રહેલ છે. આ ઓઇલ સ્પીલથી દરિયામાંની મહત્વની કુદરતી સંપત્તિ જેવી કે મેન્ગ્રુવસ, કોરલ, સી-ગ્રાસ, વ્હેલ-શાર્ક, ડુગોન્ગ અને બીજી અનેક સંવેદનશીલ પ્રજાતિઓને અસર કરે છે. જે માનવજાત માટે નુકશાનકારક છે.

ઠ રા વઃ

ઉકત બાબતે પુખ્ત વિચારણાને અંતે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર ની રૂા. ૯૧.૦૦ લાખ (અંકે રૂપિયા એકકાણુ લાખ પૂરા) ની નવી બાબતમાં ગુજરાત રાજય તેલ ફેલાવવાની આપત્તિ રોકવા આકસ્મિતતા યોજના તૈયાર કરવા નીચે મુજબની કમિટી રચવામાં આવશે તથા આ કમિટી દ્વારા નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવશે. આમ, ગુજરાત રાજય તેલ ફેલાવવાની આપત્તિ રોકવા આકસ્મિતતા યોજનાની વહીવટી મંજૂરી નીચેની શરતોને આધિન આપવામાં આવે છે. આ યોજનાના અમલીકરણ માટે વિભાગ કક્ષાએ અધિક મુખ્ય સચિવના અધ્યક્ષસ્થાને સમિતિની રચના કરવામાં આવશે.

આ સમિતિના સભ્યો નીચે મુજબ રહેશે

૧. સભ્ય સચિવશ્રી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ
૨. સભ્ય સચિવશ્રી, ગુજરાત ઇકોલોજી કમિશન
૩. સીઇઓ અને વીસી, ગુજરાત મેરીટાઇમ બોર્ડ

૪. અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી (વન્યજીવ), ગુજરાત રાજય

૫. નિયામકશ્રી, પર્યાવરણ

૬. નિયામક, કોસ્ટલ ગાર્ડના રીપ્રેસન્ટેટીવ

૭. નિયામક, મરાઇન પોલીસના રીપ્રેસન્ટેટીવ

૮. અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, મરાઇન નેશનલ પાર્ક અને સેન્ચયુરી

૯. ઓઇલ કંપનીઓના બે રીપ્રેસન્ટેટીવ (ચેરમેન દ્વારા નિમણુક પામેલ)

<u>ઉકત સમિતિ નીચે મુજબની કાર્યવાહી કરશે.</u>

- આ સમિતી માર્ગદર્શન, નિરિક્ષણ અને સોંપવામાં આવેલ કામ બાબતે સંમતીયુકત મંજુરીઓ આપશે.
- સમિતી આવેલ દસ્તાવેજોના સંદર્ભે શરતોની મંજુરીઓ આપવાનુ કામ કરશે.
- સમિતી તાંત્રિક નિષ્ણાત કે સલાહઆપનાર કે બહારની એજન્સીને કામ સોંપવા બાબતની પસંદગી, નિયુકિત કરવાનુ કામ સંમતિથી કરશે.
- સમિતી વચગાળાના રીપોર્ટસ, આખરી મુસદા રીપોર્ટસ અને અન્ય લગતા દરેક દસ્તાવેજોને મંજૂરી આપવાનુ કામ કરશે.
- સોંપવામાં આવેલ અન્ય બાબતોને મંજૂરી આપવી

<u>આ યોજના હેઠળ થનાર અંદાજીત ખર્ચ નીચે મુજબ છે.</u>

| Sr no | Particulars | Proposed Amount in Rs. Lakh |
|---|---|---|
| 1 | Technical Expert Consultation/Workshop – Total 2 consltation or workshop | 12.00 |
| 2 | Data collection, compilation & study of international & national plan prepared by various countries/State | 04.00 |
| 3 | Study Risk Potential & Prepare Risk mitigation and response plan | 50.00 |
| 4 | Exposure visits to study, get firsthand experience at the time of oil spill risk, its adverse impacts on ecological wealth & study the plan prepared by other agencies/countries[if required] | 10.00 |
| 5 | Other contingency including hiring of experts, travel, meeting expenditures etc | 15.00 |
| | Total | 91.00 |

<u>શરતો:-</u>

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇ ને આધિન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવામાં આવતી ગ્રાન્ટ ની મર્યાદામાં કરવાનો રહશે.

C/343



(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમો ને આધિન ચાલુ તથા અગામી નાણાકીય વર્ષમા પર્યાપ્ત અંદાજ પત્રીય જોગાવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકાર ના સ્થાયિ તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને નિયમોની જોગવાઇ ઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકિય ઔચિંત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટ નો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતો નું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજના ના નોમ્સ અને સહાય ની રકમમો માં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાનાં રહેશે.

(૮) આંતરરાષ્ટ્રીય મુલાકાત અને આંતરરાષ્ટ્રીય નિષ્ણાંતોની સેવાઓ લેતા પહેલા વિભાગ મારફત નાણા વિભાગની પૂર્વ મંજૂરી લેવાની રહેશે.

આ અંગેનુ ખર્ચ નીચે દર્શાવેલ આયોજન હેઠળના બજેટ સદરે ઉધારવાનું રહેશે.

માંગણી ક્રમાંક:-૨૭
મુખ્ય સદર - ૨૨૧૫ પાણી પુરવઠો અને સ્વચ્છતા.
પેટા મુખ્ય સદર - ૦૨- ગટર વ્યવસ્થા અને સ્વચ્છતા.
ગૌણ સદર - ૧૦૬ વાયુ અને જળ પ્રદૂષણ નિવારણ
પેટા સદર - ૦૧ ઇપીસી -૧૦ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને સંગીન બનાવવું
હેતુ સદર -૩૧૩૫ અન્યને જનરલ સહાયક અનુદાન.

આ હુકમો સરખા ક્રમાંક ની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૮/૦૫/૨૦૧૫ ની નોંધથી મળેલી સંમતિ અન્વયે આપવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલ ના હુકમથી અને તેમના નામે

(દર્પણા ધીમ્મર)
સંયુક્ત સચિવ
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,

- સભ્ય સચિવશ્રી, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, પર્યાવરણ ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ શ્રી, ગુજરાત રાજ્ય,બહુમાળી ભવન, લાલ દરવાજા,અમદાવાદ.

- સિનિયર ડેપ્યુટી, એકાઉન્ટન્ટ જનરલ શ્રી, ગુજરાત રાજ્ય,રેસકોર્સ,રાજકોટ,
- હિસાબ અને તિજોરી નિયામક શ્રી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિવાસી હિસાબી અધિકારી શ્રી, , ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારી શ્રી,અમદાવાદ/ગાંધીનગર.
- રોકડ શાખા,વન અને પર્યાવરણ વિભાગ,ગાંધીનગર.
- તિજોરી અધિકારી શ્રી, જીલ્લા સેવા સદન,સેકટર-૧૧,ગાંધીનગર.
- નાણા વિભાગ, ક-શાખા. સરદાર પટેલ ભવન, ગાંધીનગર.
- નાણાકીય સલાહકાર શ્રી, વન અને પર્યાવરણ વિભાગ,ગાંધીનગર.
- વિભાગ ની બજેટ શાખા.
- શાખા સિલેક્ટ ફાઇલ.
- આઇ-ટી સેલ (વેબસાઇટ ઉપર અપલોડ કરવા માટે)